પૂર્વછાયો- સામર્થી શ્રીમહારાજની, વળી સાંભળજયો સહુ જન।
સુંદર પરચા સાંભર્યા, જે પૂર્યા શ્રી ભગવન ।।૧।।
ડંઢાવ્ય દેશમાં નાર્દિપુરે, દ્વિજ તિતારામ નામ ।

ભક્ત એક મહારાજનો, બીજું વિમુખ સઘળું ગામ ॥૨॥
વિમુખ મુખથી એમ વદે, આ ભક્તિ બીજા ભેદની ।
આવશે વિમાન તેડવા, તમે માનજ્યો વાણી વેદની ॥૩॥
પરધન પરત્રિયા પરહરી, પરહરિયાં બીજાં નામ ।
સ્વામિનારાયણ નામને, સમરે છે આઠું જામ ॥૪॥

ચોપાઇ- બોલે ખળતાએ મુખ મીઠું, આવું ભજન તો ક્યાંઇ ન દીઠું ।
આતો ભક્ત છે મોટો જ બહુ, એની રાખજ્યો ખબર સહુ ॥૫॥
એને આવશે લેવા વિમાન, પધારશે પોતે ભગવાન ।
માટે સાવધાન સહુ રહેજ્યો, જેને મળે તે બીજાને કહેજ્યો ॥૬॥
રખે રહિ જાઇએ દર્શન વિના, રહેજ્યો સચેત રાત્ય ને દિના ।
એક કહે હું જાઇશ સાથ, ઝાલી વિમાન ડાંડિયો હાથ ॥૭॥
એમ બોલે ખળાઇમાં બહુ, બાળ જોબન ને વૃદ્ધ સહુ ।
એમ કહેતાં વીત્યા કાંઇ દન, તજ્યું કાળેકરી તિતે તન ॥૮॥
આવ્યાં તેડવા તેને વિમાન, ઘણા સંત ભેળા ભગવાન ।
કોટિકોટિ સૂર્યને સમાન, શોભે અલૌકિક તે વિમાન ॥૯॥
તેના તેજમાં ઢંકાણું ગામ, પામ્યા આશ્ચર્ય પુરુષ ને વામ ।
સહુ કહે મારા ઘર માથે, હાંક્યો રથ તે તિતાને નાથે ॥૧૦॥
ભાઇયો આપણે કરતાં ખળાઇ, આતો કુડું પડ્યું નહિ કાંઇ ।
ગયું વિમાન તિતાને ઘેર, તેડિ ચાલ્યા તેને રૂડિપેર ॥૧૧॥
જેમ શીખ માગી જાય ગામ, તેમ ચાલ્યો તિતો કરી કામ ।
જોઇ આશ્ચર્ય પામિયા જન, સહુલોક કહે ધન્યધન્ય ॥૧૨॥
આવું ન દીઠું ને ન સાંભળ્યું, પ્રકટ વિમાન તેડિને વળ્યું ।
સાચી ભક્તિ એ ભગતતણી, થયો પર્ચો કહિયે શું ઘણી ॥૧૩॥
વળી ડંઢાવ્ય દેશમાં ગામ, વસે ભક્ત ત્યાં પ્રાંતિજ નામ ।
થાય હરિવાત ત્યાં હમેશ, આપે સંત સાચો ઉપદેશ ॥૧૪॥
આવે સાંભળવા સહુ જન, સુણી વાત થાય પરસન ।
એક કંસારો નામ કાનજી, થયો સત્સંગી કુસંગ તજી ॥૧૫॥

તેતો હતો કબીરનો વળી, આવ્યા કબીરિયા ઘેર મળી ।
કહે ભાઈ કબીરમાં શી ખામી, કેમ સાચા જાણ્યા કહે સ્વામી ॥૧૬॥
તેનું પારખ્યું આપ અમને, સાચા સ્વામી હોય તો ખા સમને ।
એમ કહિ લાવ્યા ગોળો એક, કર્યો તપાવી રાતો વિશેક ॥૧૭॥
કહે ઉપાડી લે હવે આને, જ્યારે સ્વામીને સાચા તું માને ।
નહિ બળવા દિયે તે તમને, રહીશ સાજો તો મનાશે અમને ॥૧૮॥
ત્યારે કંસારે કરી વિનતી, કરજ્યો સાર શ્રીગોલોકપતિ ।
એમ કહિને ગોળો ઉપાડ્યો, લઈ હાથમાં સહુને દેખાડ્યો ॥૧૯॥
કહે પાપિયો પરચો આ જીવો, થાઓ સત્સંગી જન્મ કાં ખુવો ।
આ જો દાઝ્યા નહિ હાથ રતી, સ્વામી સાચા છે માનો કુમતિ ॥૨૦॥
એમ કરે ભક્તની સહાય, સહજાનંદજી સંકટમાંય ।
એમ પર્યો પૂર્યો ભગવાને, પણ હોય પાપી તે ન માને ॥૨૧॥
દેશ ચડોતરે વસો ગામ, દ્વિજભક્ત દાદોભાઈ નામ ।
તેની તનયા જમુનાં જેહ, અતિસુખી સમાધિએ તેહ ॥૨૨॥
એક દિવસ સમાધિમાંઈ, આવી મહારાજ પાસે એ બાઈ ।
કર્યાં મહાપ્રભુનાં દર્શન, નિર્ખિ નાથને થઈ મગન ॥૨૩॥
જેજે કરી શ્રીમહારાજે વાત, તેતે સુણી લીધી છે સાક્ષાત ।
અતિરાજી દિઠા જ્યારે નાથ, બોલી જમુનાં જોડી બે હાથ ॥૨૪॥
કરો પ્રસાદીની મને મહેર, આપો વસ્ત્ર લઈ જાઉં ઘેર ।
તેહ સમે નાતા હતા નાથ, નાઈ લુયું અંગ નિજહાથ ॥૨૫॥
લુયું શરીર જેહ રૂમાલે, દીધો જમુનાને તેહ વાલે ।
જમુનાં જા હવે તું તારે ઘેર, આંહિ આવ્યા થઈ ઘણી વેર ॥૨૬॥
પછી જમુનાં દેહમાં આવી, પ્રકટ એક રૂમાલ લાવી ।
અલૌકિક લૌકિકમાં નાવે, જે આવે તે અલૌકિક કાવે ॥૨૭॥
એમ અલૌકિક એક રૂમાલ, પામી જમુનાં થઈ નિહાલ ।
એવો પ્રતાપ મહારાજતણો, શું કહીએ મુખથી ઘણોઘણો ॥૨૮॥
વળી ચડોતરે ચાંગા ગામ, તિયાં ભક્ત ભાટ નથુ નામ ।

તેનાં સંબંધી તે સતસંગી, ભજે અર્ભકાં નાથ ઉમંગી ॥૨૯॥
સર્વે બાળકાં સમાધિવાન, કરે પ્રકટ પ્રભુજીનું ધ્યાન ।
જાય ધારણામાં પ્રભુ પાસે, કરે દર્શન અતિહુલાસે ॥૩૦॥
અતિહેતે બોલાવે દયાળ, જાઓ ઘેર હવે સહુ બાળ ।
એમ કહી આપી પરસાદી, પેંડા પતાસાં સાકર આદિ ॥૩૧॥
ફુલ હાર તોરા ને ગજરા, આપ્યા ગુચ્છ તે ગુલાબકેરા ।
આપી પ્રસાદી આવિયાં બાળ, આવી કરી દેહની સંભાળ ॥૩૨॥
જાગી જોયું બાળકે જે વારે, દીઠું પ્રકટ પ્રમાણ ત્યારે ।
પેંડા પતાસાં સાકર જેહ, વહેંચી આપી સરવેને તેહ ॥૩૩॥
તોરા ગજરા ફુલની સજ, દેખી પ્રકટ પામ્યાં આશ્ચર્જ ।
લોકમાં અલૌકિક ચીજ જોઈ, કહે ધન્યધન્ય સહુ કોઈ ॥૩૪॥
વળી ત્યાંની કહું એક વાત, સારી સાંભળ્યા જેવી વિખ્યાત ।
એક કણબી વસનદાસ, તેને અતિ ખેતીનો અધ્યાસ ॥૩૫॥
કરે આઠ પોર એહ કામ, મુખે ન લિયે પ્રભુનું નામ ।
અતિક્રોધી ને રીસાળ બહુ, એથી ડરી ચાલે ગામ સહુ ॥૩૬॥
પછી કાળે કર્યું તન ત્યાગ, મુવા કેડ્યે થયો કાળો નાગ ।
રહ્યો વાડી પોતાનીમાં વ્યાળ, અતિ તિખો અગનિની ઝાળ ॥૩૭॥
ઢોર ચોર ઢુંકવા ન દિયે, પેસે પરાણે તેનો જીવ લિયે ।
એમ કરતાં આવ્યા મહારાજ, એહ વાડીયે નાવાને કાજ ॥૩૮॥
દિઠા દાતણ કરતા દયાળ, જોઈ વિસ્મય પામ્યો તે વ્યાળ ।
આતો પૂરણ બ્રહ્મ છે આપ, એને નિરખી હું થયો નિષ્પાપ ॥૩૯॥
હવે આજ થકી એમ ધારું, જીવું ત્યાં લગી જીવ ન મારું ।
રહું નિરવિષ થઈ નેક, છાંડી રીશ ક્રોધ વળી છેક ॥૪૦॥
આજથકી ધરું વ્રતમાન, રહેવું મારે અતિ નિરમાન ।
એવી સાધુતા ગ્રહિ છે સાપે, પછી જે મળે તે દુઃખ આપે ॥૪૧॥
એક દને સુતસુત મળી, માર્યો એહ વિયાળને વળી ।
ત્યારે ડશી વસ્યો તે દેહમાં, લાગ્યો બોલવા ભોયંગ તેમાં ॥૪૨॥

કહે વણ વાંકે કેમ મારે, શિયું થયું મુંથી દુઃખ તારે ।
મને મળ્યા જે દિના મહારાજ, તે દિનું મારું થયું છે કાજ ॥૪૩॥
હું તો નિર્વિષ થઈ ફરું છું, સ્વામી સંતનાં દર્શન કરું છું ।
એમ કરી કરીશ તનત્યાગ, તો મારા જેવાં નહિ કેનાં ભાગ્ય ॥૪૪॥
તજીશ હું તન જેહ વારે, આવશે નાથ તેડવા ત્યારે ।
તેતો માનજ્યો સહુ તમે સત્ય, એમાં નથી લગાર અસત્ય ॥૪૫॥
એમ બોલિયો વ્યાળ વચન, સુણિ આશ્ચર્ય પામ્યાં સહુ જન ।
જોજ્યો સ્વામી શ્રીજીનો પ્રતાપ, જે થકી મુક્તિ પામિયો સાપ ॥૪૬॥
ભાઈયો આતો અલૌકિક વાત, થયો પરચો માનો સાક્ષાત ।
એક વળી પિપળાવ્ય ગામે, દ્વિજભક્ત હેતબાઈ નામે ॥૪૭॥
તેને થાય સમાધિ હમેશ, કરે પ્રભુ પાસે પરવેશ ।
પામે ધારણામાં જે પ્રસાદી, રહે પ્રકટ તે રાયજાદી ॥૪૮॥
સારી સાકર આપે સહુને, જોઈ અચંબો થાય બહુને ।
કહે આ રીત્ય નોય કોઈ કાળે, કરી આ સમે દીનદયાળે ॥૪૯॥
પળેપળે જે પરચા થાય, તેતો લખતાં કેમ લખાય ।
પ્રભુ હોય ત્યાં આશ્ચર્ય શાની, કહું સહુ જન લેજ્યો માની ॥૫૦॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદ મુનિવિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીજીમહારાજે હરિજનને પરચા પૂર્યા એ નામે એકસો ને ચાલીશમું પ્રકરણમ્ ॥૧૪૦॥